19 એક બપોરે



રાવજી પટેલ

(જન્મ: 15-11-1939, મૃત્યુ: 10-08-1968)

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસે વલ્લવપુરાના ખેડૂત પરિવારમાં થયો હતો. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'અંગત' છે. તેમનાં ઊર્મિકાવ્યો, ગીતો અને દીર્ઘકાવ્યોમાં અનેક રંગદર્શી ભાવછટાઓનું ચોટદાર ચિત્રણ થયું છે. 29 વર્ષની યુવાન વયે ટી.બી. ના કારણે તેમનું અકાળે અવસાન થયું હતું. તેમણે 'અશ્રુઘર' અને 'ઝંઝા' એમ બે નોંધપાત્ર નવલકથાઓ આપી છે. 'વૃત્તિ અને વાર્તા' એમનો વાર્તાસંગ્રહ છે.

કૃષિ કવિ તરીકેની રાવજી પટેલની પ્રતિભાને દૃઢ બનાવતી આ તેમની જાણીતી રચના છે. કટાવ અને મનહર જેવા મિશ્ર છંદમાં અને બોલચાલની લઢણમાં રચાયેલી આ રચનામાં ખેડૂતની એક વેદનાશીલ બપોરનું આલેખન છે. સારસી એ પ્રિયતમા કે પત્નીનું પ્રતીક છે તો સાથે સાથે એ જીવનનું પણ પ્રતીક બને છે. કાવ્યમાં વપરાયેલા બધા જ શબ્દો ખેડૂતજીવન સાથે જોડાયેલા છે. કાવ્યનાયકના મનમાં એક એવી વેદના છે જેના કારણે એને આસપાસના કોઈ કાર્યમાં કે વસ્તુમાં રસ નથી રહ્યો. ટી.બી.ના રોગને કારણે મૃત્યુને નજીક આવતું જોવાના કારણે પણ આ ભાવ વ્યક્ત થયો હોય. છાશ, રોટલો, તમાકુ, તાપણી, મહુડો આ બધું જ રસથી છલકાતું જગત છે જેમાં કાવ્યનાયકને હવે કોઈ રસ નથી રહ્યો. બપોર જીવનના મધ્યાહ્નનું જ પ્રતીક છે. વસ્તુ જગતના આવા નિરૂપણથી કવિએ કાવ્યને વધારે આસ્વાદ્ય બનાવ્યું છે.

મારા ખેતરને શેઢેથી
લ્યા, ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય.
ગળા સમું ઘાસ ઊગી જાય.
અલે એઈ,
બળદને હળે હવે જોતરીશ નઈં....
મારા ખેતરને શેઢેથી -

('અંગત' માંથી)

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

શેઢો બે ખેતર વચ્ચેની હદનો થોડો ખુલ્લો મૂકેલો પટ્ટો; **લ્યા** એલા, અલ્યા (એક તુંકારાભર્યું પુરુષવાચક સંબોધન)

તળપદા શબ્દો

ઢોચકી દોણી, માટીનું વાસણ **ભારવેલો** ચૂલામાં અગ્નિ ઉપર રાખવાળી તેને સળગતો રાખવો **લ્યા** એલા, અલ્યા **અગની** અગ્નિ **સમું** સમાન **તળે** નીચે **નંઈ** નહીં **છાંય** છાંયડો

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) ખેતરના શેઢે શું બન્યું હતું ?

(A) બળદ થાકીને બેસી ગયા હતા. (B) સારસી ઊડી ગઈ હતી.

(C) વરસાદ તૂટી પડ્યો હતો. (D) ગળા સમું ઘાસ ઊગી ગયું હતું.

(2) કવિ કયા વૃક્ષ નીચે બેઠા હતા ?

(A) બાવળ (B) બોરડી

(C) આંબો (D) મહુડી

2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.

(1) ઢોચકીમાં છાશ પાછી રેડવાનું કવિ કોને કહે છે ?

(2) કવિ ભારવેલો અગ્નિ ઠારી દેવાનું કેમ કહે છે ?

3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.

(1) કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે ?

4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.

(1) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

(2) ગ્રામજીવનમાં ખેતર-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો. -

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- તમારી કલ્પનાના ખેતરનું શબ્દચિત્ર આલેખો યા રંગ-રેખાથી ચિત્ર દોરો.

ભાષા-અભિવ્યક્તિ

- ગદ્યની છાંટવાળા આ કાવ્યમાં 'મા' અને 'અલે એઈ' નું સંબોધન કાવ્યને ગતિ આપે છે. અહીં સંબોધન છે પણ સંવાદ નથી, જે બાબત કવિની એકલતાનું માર્મિક સૂચન કરે છે.
- 'રેડી દે', 'બાંધી દે', 'રહેવા દે', 'જોતરીશ નહિ' - જેવા આજ્ઞાર્થ રૂપોથી કવિ 'મનની સ્થિતિની' ગૂંથણી કરે છે. - આ રૂપો કાવ્યની વિશેષતા બન્યાં છે.
- કવિએ અહીં વાપરેલ શેઢો, ઢોચકી, છાશ ને રોટલા, ચલમ, તાપણી, મહુડીની છાંય - ગ્રામ પરિવેશને, ગામના ખેતરને કેવું તાદૃશ્ય કરી દે છે તે જુઓ.

શિક્ષકની ભૂમિકા

રાવજી પટેલ ગ્રામજીવનના સ્વાનુભવથી ભર્યા ભર્યા કવિ છે. ગ્રામ પરિવેશ તેમની કવિતામાં ઊડીને આંખે વળગે તે રીતે આલેખાય છે તે જણાવવું.

પોતાના ખેતરના શેઢે વસતી સારસી ઊડી જતાં વ્યગ્ર બનેલા કવિને કશું ગમતું નથી. બપોરનું ભાથું, હળ, બળદ, ખેતી બધું નીરસ લાગે છે.

પક્ષીપ્રેમની સાથે પ્રિયપાત્ર માટેનો વિરહિત લગાવ પ્રતીકાત્મક સ્વરૂપે રજૂ થયો છે તેની પણ સમજ આપવી.

•